GJLV020023692018

રજૂ તારીખ : ૨૧/૧૨/૧૮
દાખલ તારીખ : ૨૧/૧૨/૧૮
ફેસલતારીખ : ૦૧/૦૭/૨૬
સમયગાળો : ૦૭ ૦૬ ૧૦
વર્ષ માસ દિવસ

---

મહીસાગર ના મે. એડી.જયુડી. મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ સાહેબશ્રીની કોર્ટમાં,
મુ. લુણાવાડા

---

ફોજદારી કેસ નંબર :–૧૪૭૮/૨૦૧૮
આંક :–..........

ફરીયાદી : શ્રી સરકાર,

વિરૂધ્ધ

આરોપીઓ : ૧. ભેમાભાઈ અર્જનભાઈ પગી, ઉ.વ.આ. ૫૫,
૨. જયંતિભાઈ ભેમાભાઈ પગી, ઉ.વ.આ.૨૮,
૩. સુરજબેન ભેમાભાઈ પગી , ઉ.વ.આ. ૫૦,
તમામ રહે. કસલાલ જીવણ પગીના મુવાડા
તા. લુણાવાડા, જી.મહીસાગર

ગુન્હો :– ભારતીય દંડ સંહિતા,૧૮૬૦ ની કલમ–૩૨૩, ૫૦૪, ૫૦૬(૨),૧૧૪ તેમજ ધી ગુજરાત પોલીસ અધિનિયમ, ૧૯૫૧ ની કલમ–૧૩૫ મુજબ

.....................................................................

ફરીયાદપક્ષ તર્ફે વિ.એ.પી.પી. શ્રી :– એસ.એસ. પંડયા
બચાવ પક્ષ તર્ફે વિ.વ.શ્રી :– એફ.એસ.શેખ

.....................................................................

–: જજમેન્ટ :–

(૧) આ કામના ફરિયાદ પક્ષના કેસની ટુંકમાં હકીકત એવી છે કે, આ કામના આરોપીઓએ તારીખ : ૨૩/૦૮/૧૮ ના રોજ કલાક ૨૦/૦૦

વાગે મોજે કસલાલ જીવણપગીના મુવાડા ગામે ફરીયાદીએ આરોપીઓના ઘરે જઈ ફરીયાદીએ કહેલ કે મારી પત્નીને તમારો છોકરો લઈ ગયેલા હોવાનુ મને શક હોઈ તમો મારી પત્નીને લઈ આપો તેમ કહેતા આરોપી નં. ૧ નાઓએ મા–બેન સમાણી ગાળો બોલી એકદમ ઉશકેરાઈ જઈ લાકડી લઈ આવી લાકડી લઈ આવી ફરીયાદીને ડાબા પગના સાથળ ઉપર મારેલ અને આરોપી નં.ર નાઓએ ફરીયાદીને લાકડી મારવા જતા માથાના ભાગે પછડાતી વાગે અને આરોપી નં. ૩નાઓએ મા–બેન સમાણી ગાળો બોલી ગડદાપાટુનો માર મારી ઈજાઓ કરી જાનથી મારી નાખવાની ધમકીઓ આપી એક બીજાને મદદગારી કરી, કોઠંબા પો.સ્ટે. સે.ગુ.ર.નં. પર/૧૮ ના કામે ભારતીય દંડ સંહિતા,૧૮૬૦ ની કલમ–૩ર૩, ૫૦૪, ૫૦૬(ર),૧૧૪ તેમજ ધી ગુજરાત પોલીસ અધિનિયમ, ૧૯૫૧ ની કલમ–૧૩૫ મુજબનું ચાર્જશીટ દાખલ કરવામાં આવેલ છે.

(ર) આ કામે આરોપીઓ હાજર થતા ફોજદારી કાર્યરીતિ સંહિતા,૧૯૭૩ ની કલમ–ર૦૭ અન્વયે પોલીસ પેપર્સની નકલો વિના મુલ્યે પુરી પાડયાની ખાતરી કર્યાબાદ આંક– ૩ થી આરોપીઓ વિરૂઘ્ધ તહોમતનામું ઘડવામાં આવેલ અને આંક–૪ થી આંક– ૬ સુધી ગુના અંગે જવાબ નોંધતા આરોપીઓ આક્ષેપિત ગુનાનો ઈન્કાર કરતા કેસની ઈન્સાફી કાર્યવાહી કરવામાં આવેલ.

(૩) ત્યારબાદ ફરિયાદ પક્ષ તરફથી ન્યાયીક કાર્યવાહી દરમ્યાન નીચે મુજબની વિગતે પુરાવો લેવામાં આવેલ છે.

<u>મૌખિક પુરાવાઓ :–</u>

| અ. નં. | સાહેદનું નામ | વિગત | આંક |
|---|---|---|---|
| ૧ | ભરતભાઈ મોતીભાઈ પગી | ફરીયાદી | ૬૧ |
| ૨ | રમેશભાઈ ભાથીભાઈ પગી | સાહેદ | ૬૩ |

<u>દસ્તાવેજી પુરાવાઓ :–</u>

| અ. નં. | વિગત | આંક |
|---|---|---|
| ૧ | ફરીયાદ | ૬૨ |
| ૨ | ગુનાવાળી જગ્યાનું પંચનામું | ૬૪ |
| ૩ | મુદામાલ રીકવરી પંચનામું | ૬૫ |
| ૪ | સારવાર સર્ટીફીકેટ | ૬૬,૬૭ |

(૪) આ કામે ફરીયાદપક્ષે આંક– ૬૮ થી વધુ પુરાવો રજુ કરવા માંગતા ન હોવાનું જાહેર કરતા ફરીયાદપક્ષનો પુરાવો બંધ કરવામાં આવેલો. આ કામે બચાવપક્ષે કોઈપણ મૌખિક કે દસ્તાવેજી પુરાવો રજુ થયેલ નથી.

(૫) આ કામે ફરીયાદપક્ષનો પુરાવો પુર્ણ થતા ફોજદારી કાર્યરીતિ સં હિતા,૧૯૭૩ ની કલમ–૩૧૩ મુજબ વિશેષ નિવેદન નોંધી શકાય તેટલો પુરાવો રજુ થયેલ ન હોઈ વિશેષ નિવેદન નોંધવામાં આવેલ નથી.

(૬) આ કામે પક્ષકારોના વિ.વકીલશ્રીઓની દલીલો વિગતવાર સાં ભળી જે પુરાવાના મુલ્યાંકનમાં સમાવેશ કરેલ હોવાથી પુનરાવર્તન કરેલ નથી.

(૭) આ કામે પક્ષકારોના વિ.વ.શ્રીનાઓની દલીલો તથા રજુ થયેલ પુરાવા ધ્યાને લીધા બાદ મારા નિર્ણય માટે નીચે મુજબના મુદ્દાઓ ઉપસ્થિત થયેલ છે :

મુદ્દા નં.૧ : શું ફરિયાદ પક્ષ નિ:શંકપણે પુરવાર કરે છે કે, આ કામના આરોપીઓએ તારીખ : ૨૩/૦૮/૧૮ ના રોજ કલાક ૨૦/૦૦ વાગે મોજે કસલાલ જીવણપગીનામુવાડા ગામે ફરીયાદીએ આરોપીઓના ઘરે જઈ ફરીયાદીએ કહેલ કે મારી પત્નીને તમારો છોકરો લઈ ગયેલા હોવાનુ મને શક હોઈ તમો મારી પત્નીને લઈ આપો તેમ કહેતા આરોપી નં. ૧ નાઓએ મા-બેન સમાણી ગાળો બોલી એકદમ ઉશકેરાઈ જઈ લાકડી લઈ આવી લાકડી લઈ આવી ફરીયાદીને ડાબા પગના સાથળ ઉપર મારેલ અને આરોપી નં.૨ નાઓએ ફરીયાદીને લાકડી મારવા જતા માથાના ભાગે પછડાતી વાગે અને આરોપી નં. ૩નાઓએ મા-બેન સમાણી ગાળો બોલી ગડદાપાટુનો માર મારી ઈજાઓ કરી જાનથી મારી નાખવાની ધમકીઓ આપી એક બીજાને મદદગારી કરી, ભારતીય દંડ સંહિતા,૧૮૬૦ ની કલમ-૩૨૩, ૫૦૪, ૫૦૬(૨), ૧૧૪ તેમજ ધી ગુજરાત પોલીસ અધિનિયમ,૧૯૫૧ ની કલમ-૧૩૫ મુજબનો શિક્ષાને પાત્ર ગુનો કરેલ છે?

મુદ્દા નં.૨ : શું હુકમ?

(૮) ઉપરોકત મુદ્દાઓ પરત્વે અત્રેની અદાલતના નિર્ણયો નીચે મુજબ

છે.

મુદ્દા નં.૧ : નકારમાં.

મુદ્દા નં.૨ : આખરી હુકમ મુજબ.

-// કારણો //-

મુદ્દા નં.૧ :

(૯) આ કામે ફરિયાદપક્ષે આંક-૬૧ થી ફરીયાદી ભરતભાઈ મોતીભાઈ પગીનાઓને સોગંદ ઉપર તપાસવામાં આવેલ છે. તેઓની જુબાની વંચાણે લેતા, બનાવ આજથી ૭એક વર્ષ પહેલા બનેલો હોવાની તેમજ બનાવના દીવસે તેઓ બહાર ગામ ગયેલા અને ત્યાથી પરત આવેલા ત્યારે ભેમાભાઈ અર્જનભાઈ પગી, જયંતીભાઈ અને સુરજબેન સાથે તેમને રસ્તામાં આવવા બાબતે સામાન્ય બોલચાલી થયેલા હોવાની હકીકત જણાવેલ છે. વધુમાં તેઓ જણાવેલ છે કે,બનાવ સમયે ઘણા બધા માણસોનુ ટોળુ ભેગુ થતા તેમને શરીરે ઈજાઓ થયેલ તેઓએ સામન્ય બોલાચાલી બાબતે કોઠંબા પોલીસ સ્ટેશને ફરીયાદ આપેલા હોવાની હકીકત જણાવેલ છે. સદરહુ ફરીયાદી ફરિયાદની હકીકતને સમર્થન આપતા ન હોઈ વિ.એ.પી.પી. શ્રીની મૌખિક વિનંતીથી ઉલટ તપાસમાં પુછી શકાય તેવા પ્રશ્નો પુછવાની પરવાનગી આપેલ હોવા છતા પણ ફરિયાદ પક્ષના કેસને સમર્થન કરેલ નથી. સદરહુ ફરિયાદીની ઉલટ તપાસ વંચાણે લેતા તેઓએ તે હકીકતને સ્વીકાર કરેલ છે કે, સામાન્ય બોલાચાલી થયેલી હોઈ તે સિવાય બીજુ કશુ બનેલ નહી, સામાન્ય બોલાચાલી થતા ટોળુ ભેગુ થયેલ

ધકકામુકકી થતા પડી જવાથી તેમને વાગેલુ, બનાવ સમયે તેમના સિવાય અન્ય કોઈ વ્યકતીને ઈજાઓ થયેલ નથી, આરોપીઓએ તેમને કોઈ માર મારેલ નથી કે જાનથી મારી નાખવાની ધમકીઓ આપેલ નથી કે કોઈ ગાળો બોલેલ નથી, મારા મીતા મોતીભાઈને બનાવ વખતે કોઈ ઈજાઓ થયેલ નથી, પોલીસે તેમનુ નામ સરનામુ પુછેલુ તે સિવાય બીજી કોઈ હકીકત પોલીસને લખાવેલ નથી.

આમ, આ સદરહું ફરીયાદી ભરતભાઈ મોતીભાઈ પગી ઈજાપામનાર હોવા છતાં પણ ફરીયાદમા જણાવ્યા મુજબની હકીકત ને સમર્થન કરતા નથી તેમજ આ કામના આરોપીઓ આ કામના ફરીયાદી તથા સાહેદને ઈજા પહોંચાડેલ હોય તેમજ સદરહું ફરીયાદી તથા સાહેદને ગમેતેમ ગાળો બોલી ફરીયાદી તથા સાહેદ મોતીભાઈ અર્જનભાઈ પગીનાઓને ગડદાપાટુનો માર મારેલ હોય તેમજ ફરીયાદી તથા સાહેદને જાનથી મારી નાખવાની ધમકીઓ આપેલ હોવાની હકીકત પુરવાર થતી નથી.

(૧૦)આ કામે ફરિયાદપક્ષે આંક–૬૩ થી સાહેદ રમેશભાઈ ભાથીભાઈ પગીનાઓને સોગંદ ઉપર તપાસવામાં આવેલ છે. તેઓની જુબાની વં ચાણે લેતા, બનાવ આજથી ૭એક વર્ષ પહેલા બનેલો હોવાની તેમજ બનાવના દીવસે તેઓ ઘરે હાજર હતા તે સમયે ભરતભાઈનાઓ બહારગામથી પરત આવેલા ત્યારે ભેમાભાઈ અર્જનભાઈ પગી, જયં તીભાઈ અને સુરજબેન સાથે તેમને રસ્તામાં આવવા બાબતે સામાન્ય બોલચાલી થયેલા હોવાની હકીકત જણાવેલ છે. વધુમાં તેઓ જણાવેલ

છે કે,બનાવ સમયે ઘણા બધા માણસોનુ ટોળુ ભેગુ થતા ભરતભાઈ શરીરે ઈજાઓ થયેલ તેઓએ સામન્ય બોલાચાલી બાબતે કોઠંબા પોલીસ સ્ટેશને ફરીયાદ આપેલા હોવાની હકીકત જણાવેલ છે. સદરહુ ફરીયાદી ફરિયાદની હકીકતને સમર્થન આપતા ન હોઈ વિ.એ.પી.પી. શ્ર ીની મૌખિક વિનંતીથી ઉલટ તપાસમાં પુછી શકાય તેવા પ્રશ્નો પુછવાની પરવાનગી આપેલ હોવા છતા પણ ફરિયાદ પક્ષના કેસને સમર્થન કરેલ નથી. સદરહુ ફરિયાદીની ઉલટ તપાસ વંચાણે લેતા તેઓએ તે હકીકતને સ્વીકાર કરેલ છે કે,સામાન્ય બોલાચાલી થયેલી હોઈ તે સિવાય બીજુ કશુ બનેલ નહી, સામાન્ય બોલાચાલી થતા ટોળુ ભેગુ થયેલ ધકકામુકકી થતા પડી જવાથી ભરતભાઈનુ વાગેલુ, બનાવ સમયે ભરતભાઈ સિવાય અન્ય કોઈ વ્યકતીને ઈજાઓ થયેલ નથી, આરોપીઓએ ભરતભાઈને કોઈ માર મારેલ નથી કે જાનથી મારી નાખવાની ધમકીઓ આપેલ નથી કે કોઈ ગાળો બોલેલ નથી, પોલીસ ે તેમનુ નામ સરનામુ પુછેલુ તે સિવાય બીજી કોઈ હકીકત પોલીસને લખાવેલ નથી.

આમ, આ સદરહું સાહેદ રમેશભાઈ ભાથીભાઈ પગીનાઓ ફરીયાદપક્ષના કેસ મુજબ બનાવ વખતે હાજર હોવા છતા પણ ફરીયાદમા જણાવ્યા મુજબની હકીકત ને સમર્થન કરતા નથી તેમજ આ કામના આરોપીઓએ આ કામના ફરીયાદીને ઈજા પહોંચાડેલ હોય તેમજ સદરહું ફરીયાદીને ગમેતેમ ગાળો બોલી ફરીયાદી તથા સાહેદને ગડદાપાટુનો માર મારેલ હોય તેમજ ફરીયાદી તથા સાહેદને

જાનથી મારી નાખવાની ધમકીઓ આપેલ હોવાની હકીકત પુરવાર થતી નથી.

(૧૧)આ કામે ગુનાવાળી જગ્યાના પંચનામાને બચાવપક્ષે આંકે પાડવા સામે વાંધો ન હોવાથી આંક– ૬૪ આપવામાં આવેલ છે જે પંચનામાને માની લેવામાં આવે તો પણ ફરિયાદપક્ષના સાહેદ ફરિયાદપક્ષના કેસને સમર્થન કરતા ન હોઈ આંક– ૬૪ વાળુ ગુનાવાળી જગ્યાનું પંચનામુ ફરિયાદપક્ષના કેસને સમર્થન કરતુ નથી.

(૧૨) આ કામે રીકવરી પંચનામાને બચાવપક્ષે આંકે પાડવા સામે વાંધો ન હોવાનથી આંક– ૬૫ આપવામાં આવેલ છે જેને જેમને તેમ માની લેવમાં આવે તો પણ ઈજા પામનાર ફરીયાદી ભરતભાઈની જુબાની ધ્યાને લેતા આ કામના આરોપીઓએ તેમને ઈજા કરેલ હોય તેમ સાબીત થતુ નથી જેથી રીકવર કરેલ મુદદામાલ ગુનામાં વપરાયેલ છે તેમ કહી શકાય નહી જેથી સદરહુ રીકવરી પંચનામુ ફરીયાદપક્ષના કેસને સમર્થન કરતુ નથી.

(૧૩) આ કામે આંક– ૬૬ અન ૬૭થી ભરતભાઈ મોતીભાઈ પગી અને મોતીભાઈ અર્જનભાઈ પગીનાઓનું મેડીકલ સર્ટીફીકેટથી ફરીયાદી તથા સાહેદને ઈજા થયેલાની હકીકત સાબિત થાય છે. પરંતુ ફરીયાદીની જુબાની ધ્યાને લેતા ઈજાપામનારને આ કામના આરોપીઓએ ઈજા પહોંચાડેલ હોય તેમ સાબિત થતુ નથી.

(૧૪)આ કામે આરોપીઓ સામે ગુજરાત પોલીસ અધિનિયમ,૧૯૫૧ ની કલમ–૧૩૫ મુજબના ગુનાના આક્ષેપ અનુસંધાને વિચારણા

કરવામાં આવે તો ગુજરાત પોલીસ અધિનિયમ,૧૯૫૧ ની કલમ–૧૬૩ મુજબ કોઈપણ જાહેરનામાની પ્રસિધ્ધિ લેખિતમાં હોવી જોઈએ તથા તે ઉપર યોગ્ય અધિકારીની સહિ હોવી જોઈએ તેમજ જે સ્થળને લાગુ હોય તે સ્થળમાં પ્રસિધ્ધ સાર્વજનીક જગ્યામાં તેની નકલો ચોડીને અથવા થાળી પીટીને જાહેર કરીને અથવા સદરહુ અધિકારીને યોગ્ય લાગે તે અંગ્રેજી અથવા પ્રાદેશિક અથવા હિન્દી ભાષાના સ્થાનિક વર્તમાનપત્રોમાં જાહેર ખબર આપીને અથવા સદરહુ ઉપાયોમાંના કોઈપણ બે અથવા વધારે ઉપાયોથી અને પોતાને યોગ્ય લાગે તેવા બીજા કોઈ ઉપાયો લઈને પ્રસિધ્ધ કરવું જોઈએ. હાલના કેસમાં આવા કોઈ જાહેરનામાની ઉપરોકત જણાવેલ રીતે પ્રસિધ્ધી કરવામાં આવેલ હોય તેવું પણ રકર્ડ પર આવેલ નથી. વધુમાં આ કામે કોઈ જાહેરનામું સુધ્ધા રજુ કરવામાં આવેલ નથી. જેથી ફરીયાદ પક્ષ ગુજરાત પોલીસ અધિનિયમ,૧૯૫૧ ની કલમ–૧૩૫ મુજબ આરોપીઓ સામેનો ગુનો નિ:શંકપણે પુરવાર કરવામાં સફળ થયેલ નથી.

(૧૫) આમ, ઉપરોકત ચર્ચા કર્યા મુજબ આ કામના ફરીયાદ પક્ષ ભારતીય દંડ સંહિતા,૧૮૬૦ ની કલમ–૩૨૩, ૫૦૪, ૫૦૬(૨),૧૧૪ તેમજ ધી ગુજરાત પોલીસ અધિનીયમ,૧૯૫૧ ની કલમ–૧૩૫ મુજબનો ફરિયાદ પક્ષ આરોપીઓ સામેનો કેસ નિ:શંકપણે પુરવાર કરવામાં નિષ્ફળ ગયેલ હોઈ મુદ્દા નં.૧ નો નિર્ણય નકારમાં ઠરાવી મુદ્દા નં. ૨ પરત્વે નીચે મુજબનો હુકમ ઠરાવવામાં આવે છે.

-// <u>હુકમ</u> //-

(૧) આ કામના આરોપીઓને ફોજદારી કાર્યરીતિ સંહિતા,૧૯૭૩ ની કલમ-૨૪૮(૧) અન્વયે ભારતીય દંડ સંહિતા,૧૮૬૦ ની કલમ-૩૨૩, ૫૦૪, ૫૦૬(૨),૧૧૪ તેમજ ધી ગુજરાત પોલીસ અધિનીયમ,૧૯૫૧ ની કલમ-૧૩૫ મુજબના શિક્ષાપાત્ર ગુનામાંથી નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

(૨) અપીલ સમય વિત્યા બાદ કબજે કરેલ મુદ્દામાલ વાંસની લાકડીઓનો નિયમ મુજબ નાશ કરવો.

(૩) આ કામના આરોપીઓ અગાઉ રજુ કરેલા જામીનખત તથા જાતમુચરકા રદ કરવાનો હુકમ કરવામાં આવે છે.

(૪) આ કામના પ્રત્યેક આરોપીઓએ ફોજદારી કાર્યરીતિ સં હિતા,૧૯૭૩ ની કલમ-૪૩૭(એ) અન્વયે રૂા.૧ ૦,૦૦૦/-(અંકે રૂપિયા દસ હજાર પુરા) ના અપીલ સમય સુધીના જાતમુચરકા તથા તેટલી જ રકમના સધ્ધર જામીન રજુ કરવા.

હુકમ આજરોજ ખુલ્લી અદાલતમા વાંચી સંભળાવી જાહેર કર્યો.

તારીખ : ૦૧/૦૭/૨૬
સ્થળ : લુણાવાડા

(રોનકકુમાર અમૃતલાલ પટેલ)
એડી.જયુડી. મેજી. ફર્સ્ટ કલાસ,
લુણાવાડા,જી. મહીસાગર
કોડ નં. જી.જે.૦૧૬૬૪